'જૈન ગૂર્જર કવિઓ'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, મુંબઈએ કર્યું હતું. બીજી આવૃત્તિના પ્રકાશનમાં લગભગ બે લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય તેમ છે. એ ખર્ચ ઉપાડવાની જવાબદારી શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સ્વીકારી છે. શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડીએ આ પ્રકાશન માટે સંમતિ આપી. તે માટે અમે એમના તથા શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના આભારી છીએ. સ્વ. દેશાઈના સુપુત્ર શ્રી જયસુખભાઈ વગેરે સૌ સ્વજનો પ્રત્યે પણ આ પ્રસંગે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. જે ત્રણ વર્ણનાત્મક હસ્તપ્રતસૂચિઓની સામગ્રી અહીં પૂર્તિ રૂપે સમાવી છે તેનાં સંપાદક તથા પ્રકાશકસંસ્થાઓના પણ અમે ઋણી છીએ.

'જૈન ગૂર્જર કવિઓ'ની આ બીજી આવૃત્તિના પ્રકાશનમાં જે વિદ્વાનોનો તથા સંસ્થાઓનો અમને તથા સંપાદક પ્રો. જયંતભાઈ કોઠારીને સદ્‌ભાવભર્યો સહકાર સાંપડ્યો છે તે સર્વેનો અમે આભાર માનીએ છીએ. અમને ખાતરી છે કે આ ગ્રન્થની ઉપયોગિતા ભવિષ્યના સંશોધકોને ઘણી મોટી રહેશે. આવા સંદર્ભગ્રન્થના વેચાણને બહુ અવકાશ ન હોય એ દેખીતું છે. એટલે જ, માત્ર વિદ્યાપ્રીતિથી પ્રેરાઈને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે કરેલું આ પ્રકાશન, એની સાહિત્યિક સેવા દ્વારા, સાર્થક નીવડશે એની અમને પૂરી શ્રદ્ધા છે.

આ કાર્યમાં અંગત રસ લઈને વિદ્યાલયના ડાયરેક્ટર શ્રી કાંતિલાલ કોરાએ ઉત્સાહપૂર્વક જે સેવા આપી છે તે માટે તેમના પણ અમે આભારી છીએ.

વિદ્વદ્‌ભોગ્ય ગ્રન્થોના પ્રકાશનની પરંપરા વિદ્યાલયે આરંભથી જ સ્વીકારેલી છે. એમાં આ ગ્રન્થ દ્વારા સુંદર ઉમેરો થાય છે. વિદ્યાલય માટે એ ગૌરવરૂપ બની રહેશે એવી અમને શ્રદ્ધા છે.

મુંબઈ
૨૬ ઑગસ્ટ ૧૯૮૬

**જયંતીલાલ રતનચંદ શાહ**
**જગજીવન પોપટલાલ શાહ**
**રમણલાલ ચીમનલાલ શાહ**
મંત્રીઓ